# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા સિડ્યુલ્ડ કાસ્ટ સબ-પ્લાન સ્કીમ પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂત તાલીમ તેમજ કીટ વિતરણ કરાયું.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા અત્રેના કેન્દ્ર ખાતે તા.૨૮/૦૬/૨૦૧૯ ના રોજ "મકાઈની વૈજ્ઞાનિક ખેતી" અંગે તાલીમનું આયોજન કરેલ હતું.

અત્રેના કેન્દ્ર ઉપર સિડ્યુલ્ડ કાસ્ટ સબ-પ્લાન સ્કીમ પ્રોજેક્ટ અંતર્ગત ગાઈડલાઇન મુજબ ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા અત્રેના કેન્દ્ર દ્વારા એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૪૦ જેટલા અનુસુચિત-જાતિ (એસ.સી) ના ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં શ્રી કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈની વૈજ્ઞાનિક અને નફાકારક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે તેમજ નીંદામણ નિયંત્રણ કરવા વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

ડો.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્ર) દ્વારા મકાઇ પાકમાં આવતી નવી જીવાત ટપકાવાળી લશ્કરી ઇયળની ઓળખ અને તેના નિયંત્રણ માટે ખેડૂતોને માર્ગદર્શન આપેલ હતું.

શ્રી.ડી.એમ.રાઠોડ,મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા તેનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો તેમજ પ્રથમ હરોળના નિદર્શનનો હેતુ અને તેનું મહત્વ વિષે ખેડૂત મિત્રોને માહિતગાર કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું અને ખેડૂત મિત્રો ના પ્રશ્નોનું પણ નિરાકરણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમના અંતમાં ખેડૂત-મિત્રોને નિદર્શન માટેની કીટ (૮ કિલો હાઇબ્રિડ બિયારણ, બાયો-ફર્ટિલાઈઝર તેમજ બીવેરિયા બેસિયાના) નું વિતરણ કરવામાં આવેલ હતુ.






સિડ્યુલ્ડ કાસ્ટ સબ-પ્લાન સ્કીમ પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂત તાલીમ તેમજ કીટ વિતરણ